પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૧ | ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮, બુધવાર; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાજપ તારા વળતાં પાણી

**સત્તા સેમિફાઇનલમાં કોંગ્રેસનો વિજય : છત્તીસગઢમાં ભાજપનો સફાયો : ભાજપ પાસેથી રાજસ્થાન આંચકી લેવામાં પણ કોંગ્રેસ સફળતા : રાજસ્થાનમાં પાંચ વર્ષના ગાળા બાદ સરકાર બદલાઇ જવા માટે સિલસિલો યથાવત : તેલંગણામાં ટીઆરએસે ભવ્ય સપાટો બોલાવી જીત મેળવી લીધી : મધ્યપ્રદેશમાં પ્રવાહી સ્થિતિ**

નવી દિલ્હી,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા હતા. સત્તાની આ સેમિફાઈનલમાંય કોંગ્રેસે આજે ભાજપ ઉપર જીત મેળવી હતી. કોંગ્રેસે મધ્યપ્રદેશ, રાજસ્તાન અને છત્તીસગઢ ભાજપ પાસેથી આંચકી લઈને ઐતિહાસિક સફળતા હાંસલ કરી હતી. આની સાથે જ કોંગ્રેસ પાર્ટીએ લાંબા ગાળા બાદ મોટી જીતનો સ્વાદ ચાખ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ તરીકે રાહુલ ગાંધીને જવાબદારી સોંપવામાં આવ્યા બાદ ગુજરાત અને હિમાચલ પ્રદેશ તથા કર્ણાટકમાં પીછેહઠનો સામનો કોંગ્રેસ પાર્ટીને કરવો પડ્યો હતો પરંતુ આખરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં પાર્ટીને મોટી સફળતા હાથ લાગી હતી. એકબાજુ રાજસ્થાનમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી છે. બહુમતિ માટે જરૂરી આંકડો કોંગ્રેસ પાર્ટીએ હાંસલ કરી લીધો હતો. બીજી બાજુ મધ્યપ્રદેશમાં મતગણતરીની શરૂઆત થયા બાદથી છેલ્લે સુધી ગળાકાપ સ્પર્ધા રહી હતી. જો કે, આખરે કોંગ્રેસ પાર્ટીએ અહીં પણ બાજી મારી લીધી હતી. સત્તાના સેમિફાઈનલ સમાન ગણાતી આ ચૂંટણીમાં કોંગ્રેસે ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય રાજનીતિમાં ઉદય થયા બાદ પ્રથમ વખત એવું બન્યું છે જ્યારે કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

### મધ્યપ્રદેશ

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૨૩૦ |
| બહુમતીનો આંકડો | ૧૧૬ |
| કોંગ્રેસની જીત | ૧૧૫ |
| ભાજપની જીત | ૧૦૮ |
| અન્યોની જીત | ૦૭ |

નોંધ : મોટાભાગની બેઠક પર મતગણતરી પૂર્ણ થઈ છે

### રાજસ્થાન

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૨૦૦ |
| ચૂંટણી યોજાઈ | ૧૯૯ |
| બહુમતીનો આંકડો | ૧૦૧ |
| કોંગ્રેસ પાર્ટીની જીત | ૧૦૧ |
| ભાજપની જીત | ૭૩ |
| અન્યોની જીત | ૨૫ |

નોંધ : મોટાભાગની બેઠક પર મતગણતરી પૂર્ણ થઈ છે



## હવે રાહુલ ગાંધીનું રાજકીય કદ વધશે

**રાહુલના ઝંઝાવતી પ્રચારની અસર પણ જોવા મળી : નોટબંધી, જીએસટી, બેરોજગારી અને ખેડૂતોના મહત્વના મુદ્દાને રાહુલ ગાંધીએ લોકો વચ્ચે વારંવાર ઉઠાવ્યા હતા**

નવી દિલ્હી,તા. ૧૧

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના શાનદાર દેખાવ બાદ હવે રાહુલ ગાંધીનના નેતૃત્વમાં અન્ય પાર્ટીઓને પણ વિશ્વાસ વધ્યો છે. ગયા વર્ષે ગુજરાત અને હિમાચલપ્રદેશ વિધાનસભાની ચૂંટણીથી પહેલા રાહુલ ગાંધીને પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. એ વખતે રાહુલ ગાંધીને સંપૂર્ણ નિષ્ફળતા હાથ લાગી હતી. જો કે હવે રાહુલ ગાંધીને સફળતા મળી

● અનુસંધાન પાન-૭ પર

### મિઝોરમ

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૪૦ |
| બહુમતીનો આંકડો | ૨૧ |
| એમએનએફની જીત | ૨૬ |
| કોંગ્રેસની જીત | ૦૫ |
| ભાજપની જીત | ૦૧ |
| અન્યોની જીત | ૦૮ |

### છત્તિસગઢ

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૯૦ |
| બહુમતીનો આંકડો | ૪૬ |
| કોંગ્રેસની જીત | ૬૬ |
| ભાજપની જીત | ૧૬ |
| બસપની જીત | ૦૭ |
| અન્યની જીત | ૦૧ |

નોંધ : મોટાભાગની બેઠક પર મતગણતરી પૂર્ણ થઈ છે

### તેલંગાણા


| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૧૧૯ |
| ચૂંટણી યોજાઈ | ૧૧૯ |
| બહુમતીનો આંકડો | ૬૦ |
| ટીઆરએસની જીત | ૮૮ |
| કોંગ્રેસની જીત | ૨૧ |
| એઆઈએમઆઈએમની જીત | ૦૭ |
| અન્યોની જીત | ૦૨ |
| ભાજપની જીત | ૦૧ |

નોંધ : મોટાભાગની બેઠક પર મતગણતરી પૂર્ણ થઈ છે

# આરબીઆઈના નવા ગવર્નર તરીકે શક્તિકાંત દાસ નિમાયા

નવીદિલ્હી,તા. ૧૧

રિઝર્વ બેંકના નવા ગવર્નર તરીકે આજે પૂર્વ ફાઈનાન્સ સેક્રેટરી



શક્તિકાંત દાસની નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે જ આરબીઆઈના ગવર્નર કોણ બનશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. આરબીઆઈએ નવી નિમણૂંક કરી લીધી છે. શક્તિકાંત વિતેલા વર્ષોમાં જુદા જુદા હોદ્દા પર કામ કરી ચુકયા છે. શકિતકાંત દાસની નિમણૂંકને કેબિનેટની કમિટિએ લીલીઝંડી આપી દીધી છે. તેમની અવધિ ત્રણ વર્ષ માટેની રહેશે. શક્તિકાંત દાસ ભૂતપૂર્વ ઈકોનોમિક અફેયર્સ સેક્રેટરી તરીકે રહ્યા છે. ૨૦૧૫થી ૨૦૧૭ સુધી આ હોદ્દા ઉપર રહ્યા હતા. કેન્દ્રીય બેંકની સાથે ખુબ નજીકના અંતરથી કામ કર્યું છે. હાલમાં તેઓ ફાઈનાન્સ કમિશનમાં મેમ્બર તરીકે હતા. સાથે સાથે તેઓ જી-૨૦માં સરકારના પ્રતિનિધિ પણ રહી ચુકયા છે. આરબીઆઈ અને સરકાર વચ્ચે હાલમાં અનેક મુદ્દે મતભેદની સ્થિતિ રહી છે. રિઝર્વ બેંકની મહત્વપૂર્મ બેઠક પહેલા જ ઉર્જિત પટેલે રાજીનામુ આપી દીધું હતું. શેરબજારમાં આજે જોરદાર રિકવરી જોવા મળી હતી. અત્રે નોંધનીય છે કે, આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલે ગઈકાલે તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. તાત્કાલિક રીતે અમલી બને તે રીતે ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું હતું. રિઝર્વ બેન્કની વેબસાઈટ ઉપર તેમના દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી હતી. વર્તમાન પોઝીશન પરથી તાત્કાલિક રીતે અમલી બને તે રીતે રાજીનામું આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ઉર્જિત પટેલે આરબીઆઈના સ્ટાફ, ઓફિસરો અને મેનેજમેન્ટના કઠોર કામને સમર્થન આપ્યું હતું. તાજેતરના વર્ષોમાં બેન્કે અનેક ઉલ્લેખનિય સિદ્ધિઓ હાંસલ કરી છે. ત્રણ વર્ષની અવધિ માટે સપ્ટેમ્બર ૨૦૧૬માં આરબીઆઈના ૨૪માં ગવર્નર

**કેબિનેટની કમિટિએ શક્તિકાંતની નિમણૂંકને લીલીઝંડી આપી : નવા ગવર્નર કોણ બનશેની ચાલી રહેલી અટકળોનો અંત : દાસની અવધિ ૩ વર્ષની હશે**

● અનુસંધાન પાન-૭ પર





